| | | | |
|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ : | ૧૦/૦૩/૨૦૨૬ | | |
| નોંધ્યા તારીખ : | ૧૦/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ : | ૨૦/૦૩/૨૦૨૬ | | |
| સમય : | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**નડીયાદના મહેરબાન સેકન્ડ એડીશનલ સેશન્સ જજ અને સ્પે.પોકસો જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ– નડીયાદ.**

ફોજદારી પરચુ. અરજી નં. ૨૮૭/૨૦૨૬

આંક :

**અરજદાર :–** **સંકેતકુમાર બાબુભાઈ પરમાર**
ઉ.વ. ૨૭, ધંધો–અભ્યાસ/ ખાનગી નોકરી,
રહે. ખારોલ, તા. લુણાવાડા, જી. મહીસાગર.

**– વિરૂધ્ધ –**

**સામાવાળા :–** **ગુજરાત રાજ્ય સરકારશ્રી,**

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૨ મુજબ આગોતરા જામીન અરજી**

**(ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૮ મુજબ આગોતરા જમીન અરજી.)**

..................................................................................

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એમ.પી. ધાનેકર
સરકાર તરફે વિધ્વાન પી.પી. શ્રી ડી.આર. બારોટ

..................................................................................

-:: **હુકમ** ::-

(૧) આ કામના અરજદાર /આરોપી વિરૂધ્ધ સેવાલીયા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુન્હા રજીસ્ટર નંબર:**૧૧૨૦૪૦૬૭૨૬૦૧૨૧/૨૦૨૬** થી બી.એન.એસ. કલમ ૬૯ મુજબના ગુન્હાના કામે કામે તપાસ કરનાર અમલદાર અરજદાર/આરોપીની ધરપકડ કરે તેવી વ્યાજબી દહેશત હોવાથી તપાસ કરનાર અમલદાર તેઓની ધરપકડ કરે તો યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૨ અન્વયે અગોતરા જામીન મેળવવા માટે અત્રેની અદાલત સમક્ષ દાખલ કરવામાં આવેલી છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની હાલની જામીન અરજી અન્વયે ફરિયાદપક્ષને નોટિસ કાઢતાં, ફરીયાદપક્ષ તરફે વિધ્વાન પી.પી.શ્રી ડી.આર. બારોટ હાજર થયેલા છે. આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ જામીન અરજી વિરૂધ્ધનું સોગંદનામું રજૂ કરેલ છે, તે વંચાણે લીધેલ છે.

(૩) આ કામના અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી નાઓએ દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર નિર્દોષ છે અને તેઓએ કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી અને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. અરજદાર વિરૂધ્ધ આક્ષેપિત ફરીયાદ ધ્યાને લેતા પ્રથમદર્શનીય રીતે તેઓની ગુનામાં કોઈ સંડોવણી હોય તેવુ ફલિત થતુ નથી. આ કામના ફરીયાદીની સાથે અરજદારના વેવીશાળની વાત થયેલી અને અંગુઠી સેરેમની ગોઠવવામાં

આવેલી પરંતુ ફરીયાદી ધ્વારા જુદા જુદા કારણોસર પૈસાની માંગણી તથા વિચિત્ર માંગણીઓ કરાતા અરજદારે વાતો કરવાનું ટાળી દીધેલ અને અરજદાર અને ફરીયાદી વચ્ચે લગ્ન પહેલા ઝઘડાઓ થયેલા. જેથી ફરીયાદીનું આ પ્રકારનું વર્તન જોઈ અરજદારે લગ્ન કરવાની ના પાડી દીધેલ. જેથી અરજદારને ગમે તે રીતે ફસાવી દેવા હાલની ખોટી ફરીયાદ કરેલ છે. ફરીયાદીના મોટી બહેન જેના લગ્ન થયેલુ અને તેની પણ તેના લગ્ન સ્થળે જતી ન હતી અને તેણીના સાસરીમાંથી નાણાં પડાવી છુટાછેડા લીધેલા છે. ફરીયાદીએ ફરીયાદની વિગતોના સમર્થનમાં કોઈપણ પ્રકારના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. સદર ગુનાના કામે ત.ક.અમલદાર અરજદારને જયારે અને જયાં બોલાવશે તે સમયે અને સ્થળે હાજર રહી તપાસમાં પુરેપુરો સાથ સહકાર આપશે, અરજદાર મહીસાગર જીલ્લાના ગામ ખારોલ, તા. લુણાવાડાના રહેવાસી છે, સ્થાવર જંગમ મિલકત ધરાવતા હોય, કુટુંબ કબીલા વાળા છે અને કુટુંબના ભરણપોષણની જવાબદારી તેઓના શીરે છે, નાસી ભાગી જાય તેવા નથી તેમજ નામ. કોર્ટ જે શરતો ફરમાવે તે તમામ શરતોને આધિન અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. અરજદારના વિ.વ.શ્રી ધ્વાર નામ. સુપ્રિમ કોર્ટના ગુરૂચરન સિંઘ અને બીજાઓ વિ. સ્ટેટ (દિલ્હી એડમીનીસ્ટ્રેશન) નો ચુકાદો રજુ રાખેલ છે.

(૪) ઉપરોકત હકીકતો સામે સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન પી.પી.શ્રી ડી.આર. બારોટ સાથે ફરીયાદી હાજર થયેલા છે. વિ.

પી.પી.શ્રીએ અરજદાર/આરોપીની અરજીનો સખત વિરોધ કરતાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીએ ફરીયાદી/ભોગ બનનાર ઉ.વ.૨૮ નાઓની સાથે સમાજની રૂએ સગા કરી લગ્નની તારીખ નકકી કરી ફરીયાદીને પાવાગઢ મુકામે ફરવા માટે લઈ જઈ હાલોલ રીચાર્સ હોટલમાં રૂમ બુક કરાવી ફરીયાદીને લગ્ન કરવાની લાલચ આપી દુષ્કર્મ આચરેલ તેમજ પ્રિવેડીંગ ફોટાશુટ કરવા લુણાવાડા મુકામે લઈ જઈ પોતાના માસી ધર્મિષ્ઠાબેનના રહેણાંક મકાનમાં રાત્રીના દુષ્કર્મ આચરી, અરજદાર / આરોપીએ ફરીયાદી સાથે લગ્ન નકકી કરી લગ્ન પહેલા શરીર સંબંધ બાંધી લગ્ન કરવાની ના પાડી ગુન્હો કર્યાનો કેસ છે. આ કામના ફરીયાદી / ભોગ બનનારે અરજદાર વિરૂઘ્ધ ફરીયાદ આપેલ હોવા છતા અરજદારે તપાસ દરમ્યાન સહકાર આપેલ નથી તથા અત્યાર સુધી નાસતા ભાગતા ફરે છે. આમ, જયારે અરજદાર/આરોપી ગુનાના કામે પ્રથમદર્શનિય સંડોવાયેલ છે. સદર ગુનાની તપાસ ચાલુ છે. જેથી સદર તપાસમાં અરજદારની કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરૂરીયાત છે.અરજદાર/આરોપીને આગોતરા જામીન પર મુકત કરવામાં આવ્યેથી તપાસમાં અડચણરૂપ થશે અને નાસી ભાગી જવાની પણ શકયતાઓ રહેલી છે. જેથી ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને લઈ, અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી રદ્દ કરવી જોઈએ તેવી દલીલ કરેલ છે.

(૫) સદર કામે મૂળ ફરીયાદી હાજર થઈ આંક–૧૩ થી વાંધા અરજી રજુ કરી જણાવેલ છે કે, આ કામના અરજદાર/ આરોપીએ શરૂઆતથી જ ફરીયાદી સાથે છેતરપીંડી વિશ્વાસઘાત કરી તેઓને લોભામણી

વાતોમાં લલચાવી, ફોંસલાવી તેણીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરેલ હોય જે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી મંજુર કરવા સામે સખત વાંધો લીધેલ છે.

(૬) નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા આગોતરા જામીન અરજી અંગે સિધ્ધરામ સપલીંગ્પ્પા મ્હાત્રે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, એ.આઈ.આર. ૨૦૧૧, એસ.સી. ૩૧૨, ચુકાદામાં આપેલ માર્ગદર્શક સિધ્ધાંતો જોવામાં આવે તો, *"The Provisions Sec. 438 of the Cr.P.C. relating to the anticipatory bail need not be invoked only in exceptional or rare cases. Discretion must be exercised on basis of available materials and facts of the particular case. If accused has joined investigation and he is fully co-operating with investigating agency and is not likely to abscond and in that event, custodial interrogation should be avoided. But simultaneously it is also held that the grant or refusal of anticipatory bail should necessarily depend on facts and circumstances of each case."*

(૬) બન્ને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો, જામીન અરજીમાં જણાવેલ હકીકતો, અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ, પોલીસના કાગળો તથા ત.ક.અમલદાર તથા ફરીયાદીની વાંધા અરજી વંચાણે લીધી. પોલીસ તપાસના કાગળો તથા ફરીયાદ હકીકત ધ્યાને લેતા આ કામના અરજદાર / આરોપીએ ફરીયાદી /

ભોગ બનનાર ઉ.વ. ૨૮ નાઓની સાથે સમાજની રૂએ સગાઈ કરી લગ્નની તારીખ નકકી કરી ફરીયાદીને પાવાગઢ મુકામે ફરવા માટે લઈ જઈ હાલોલ રીચાર્સ હોટલમાં રૂમ બુક કરાવી ફરીયાદીને લગ્ન કરવાની લાલચ આપી દુષ્કર્મ આચરેલ તેમજ પ્રિવેડીંગ ફોટાશુટ કરવા લુણાવાડા મુકામે લઈ જઈ પોતાના માસી ધર્મિષ્ઠાબેનના રહેણાંક મકાનમાં રાત્રીના દુષ્કર્મ આચરી, અરજદાર/ આરોપીએ ફરીયાદી સાથે લગ્ન નકકી કરી લગ્ન પહેલા શરીર સંબંધ બાંધી લગ્ન કરવાની ના પાડી ગુન્હો કર્યાનો કેસ છે. અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, અરજદાર નિર્દોષ છે અને તેઓએ કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી અને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. ફરીયાદીની સાથે અરજદારના વેવીશાળની વાત થયેલી અને અંગુઠી સેરેમની ગોઠવવામાં આવેલી પરંતુ ફરીયાદી ધ્વારા જુદા જુદા કારણોસર પૈસાની માંગણી તથા વિચિત્ર માંગણીઓ કરાતા અને અરજદાર અને ફરીયાદી વચ્ચે લગ્ન પહેલા ઝઘડાઓ થતા, ફરીયાદીનું વર્તન જોઈ અરજદારે લગ્ન કરવાની ના પાડી દીધેલ. જેથી અરજદાર સામે ખોટો કેસ કરેલ છે. અરજદાર લુણાવાડા તાલુકાના સ્થાનિક રહેવાસી હોય, કુટુંબ કબીલા વાળા માણસ છે, સદર ગુનાના કામે ત.ક.અમલદાર અરજદારને જયારે અને જયાં બોલાવશે તે સમયે અને સ્થળે હાજર રહી તપાસમાં પુરેપુરો સાથ સહકાર આપશે જે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીને આગોતરા જામીન મુકત કરવા અરજ કરેલ છે. બન્ને પક્ષકારોની દલીલો તથા નામ. સર્વોચ્ચ અદાલતના જામીન અં

ગે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા કોર્ટ જામીન અરજી નકકી કરતી વખતે પુરાવાનું ઉંડાણપૂર્વક વિશલેષણ કરવાનું રહેતુ નથી પરંતુ રજુ થયેલ પોલીસ પેપર્સ ઉપરથી આરોપી વિરૂધ્ધ પ્રથમદર્શનીય કેસ બને છે કે કેમ તે હકીકત ધ્યાને લઈ જામીન અરજી સંદર્ભે આગોતરા જામીન મંજુર કે નામંજુર કરવાનું યોગ્ય કારણો આપવાના રહે છે. સદર કામે પોલીસ પેપર્સ તથા સરકારી વકીલશ્રીની રજુઆત ધ્યાને લેતા આ કામના અરજદાર/આરોપીએ ફરીયાદી/ભોગ બનનારને લગ્ન કરવાની લાલચ આપી તેણીને હોટલમાં લઈ જઈ તેણીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરી તેમજ પ્રિવેડીંગ ફોટોશુટ માટે લઈ જઈ તેણીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરી, અરજદારે લગ્ન પહેલા શરીર સંબંધ બાંધી લગ્ન કરવાની ના પાડી, ફરીયાદી / ભોગ બનનાર સાથે અરજદાર/આરોપીએ છેતરીપીંડી વિશ્વાસઘાત કરી ગુન્હો આચરેલ હોય, અરજદારે તપાસ દરમ્યાન સહકાર આપેલ નથી તથા અત્યાર સુધી નાસતા ભાગતા ફરે છે.  આ ગુનામાં હાલના તબક્કે તપાસ ચાલુ છે ત્યારે તપાસ કરનાર અમલદારને પણ અરજદારની કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનની જરૂરીયાત હોય તેથી અરજદારને આગોતરા જામીન મુકત કરવામાં આવે તો પોલીસ યોગ્ય અને ન્યાયી તપાસ કરી શકે નહી અને ગુનાના મૂળ સુધી પહોંચી શકાય નહી. વધુમાં ઉપરોકત નામદાર સુપ્રીમકોર્ટના સિધ્ધરામ સપલીંગપ્પા મહાત્રે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદામાં આપેલ સિધ્ધાંતો લેતાં, હાલના અરજદાર બનાવ બાદથી નાસતા ભાગતા હોય તથા તપાસમાં સાથ સહકાર આપેલ ન હોય ત્યારે અરજદાર

આગોતરા જામીનના હકકદાર બનતા નથી. ઉપરોકત તમામ રજુઆતો કેસના સંજોગો તથા હકીકતો જોતાં, હાલના તબકકે અરજદારને આગોતરા જામીન મુકત કરવાનું ન્યાયના હિતમાં ઉચિત જણાતું ન હોય, હાલની આગોતરા જામીન અરજી નામંજુર કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુ ક મ :-</u>**

(૧) આ કામના અરજદાર/આરોપી **સંકેતકુમાર બાબુભાઈ પરમાર,** રહે.ખારોલ, તા. લુણાવાડા, જી. મહીસાગરનાઓની ફોજદારી પરચુરણ અરજી નં. **૨૮૭/૨૦૨૬** આથી **નામંજુર યાને કે રદૃ** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ: **૨૦મી** માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ મારી સહીં કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

નડીયાદ.
તા. ૨૦/૦૩/૨૦૨૬

**(પિન્કી મરૂતકુમાર ત્રિવેદી)**
સેકન્ડ એડીશનલ સેશન્સ જજ
ખેડા-એટ-નડીયાદ.
(જયુડી. કોડ નં. જીજે.૦૧૬૦૦)

(/મિશ્રા)